બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૭ જુલાઈ, ૨૦૧૩)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ પ્રશ્નની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં (ગુણ : ૧ |) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

☞ વિશેષ નોંધ ☜

આપ જ્યારે પેપર તપાસો ત્યારે જ્યારે લાંબા જવાબોમાં દા. ત. ટૂંકનોંધ, પાંચ મુદ્દાના વાક્યો, કારણો વગેરે પ્રશ્નોમાં આપ જ્યારે ફાળવેલા ગુણ કરતાં ઓછા ગુણ આપતાં હોવ ત્યારે પરીક્ષાર્થીએ કયો મુદ્દો નથી લખ્યો જેના તમે ગુણ કાપ્યા છે. તેની તમે ટૂંકમાં ડાબી બાજુ ઉપર નોંધ લખો. દા.ત. માર્ચ-૨૦૧૩માં પ્રવેશ-૧ માં 'જોબનપગીનું પરિવર્તન' ટૂંકનોંધ પૂછાઈ હતી. જેમાં જોબનપગી પ્રાર્થના કરતાં પોતાના દોષનું વર્ણન કરતાં કહે છે. 'પ્રભુ ! હું કુળહીન, કુટિલ, કુપાત્ર, બુદ્ધિહીન છું. મેં આપને ન ઓળખ્યા. દીનબંધુ ! દયા કરો. મારું મહાપાપ મટાડો.' આ મુદ્દો પરીક્ષાર્થીએ નથી લખ્યો તો બાજુમાં તમે લખી શકો કે 'પોતાના દોષ કહે છે.' આટલું જ લખવાનું છે અને તમે ગુણ ઓછા આપી શકો છો એટલે કે ફાળવેલ ગુણ કરતાં ઓછા ગુણ આપતાં પહેલાં બાજુમાં કયો મુદ્દો નથી તેની ટૂંકમાં નોંધ લખવી જરૂરી છે.

(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવેશ, બારમી આવૃત્તિ - ડિસેમ્બર ૨૦૧૧)

પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''તમે હાલીને આવ્યા છો. વળી થાક્યા હશો માટે સૂઈ જાઓ.'' (૯/૨૨) ➯ દેવજીભાઈ - સ્વામીને (સંતોને)

➯ કૃપાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી નેનપુરમાં આવ્યા ત્યારે દેવજીભાઈ તેમની પાસે વાતો સાંભળવા બેઠા. મહારાજનાં લીલાચરિત્રો અને મહિમાની અદ્‌ભૂત વાતો કરતાં કરતાં રાત્રે બાર વાગ્યા એટલે દેવજીભાઈ કહે છે.

૨. ''મારે સંસારમાં રહેવું નથી, આપની ભક્તિ કરવી છે.'' (૧૭/૫૨) ➯ ઝમકુબા - મહારાજને

➯ ઉદેપુરથી રાજવૈભવ છોડીને આવેલા ઝમકુબાને મહારાજનાં દર્શનથી જ એમનું હૈયું ટાઢું થતાં જ તેઓ મહારાજને કહે છે.

૩. ''સ્વામી તો એક રામાનંદ જ. માટે મારે દર્શને નથી આવવું.'' (૧૪/૩૨-૩૩) ➯ લાધીબાઈ - હરિભક્તને

➯ લાધીબાઈને બોલાવવા ગયેલા હરિભક્તે કહ્યું સહજાનંદ સ્વામી પધાર્યા છે અને આપને દર્શન કરવા બોલાવે છે ત્યારે.

પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)

૧. સત્સંગીઓએ દરરોજ તિલક-ચાંદલો કરવો જોઈએ. (૧/૩)

જ. તિલક-ચાંદલો કરવાથી મહારાજ અને મોટાપુરુષ કુસંગી થકી આપણી રક્ષા કરે છે. આજ્ઞા વિરુદ્ધનું અયોગ્ય કર્મ કરતાં આપણે ખચકાઈએ છીએ, મનમાં ક્ષોભ થાય છે. તિલક-ચાંદલો ધર્મનું પ્રતીક હોવાથી ધર્મ પાળતા કોઈ પણ ધર્મપ્રેમીએ એ પ્રતીક ધારણ કરવામાં લાજ કે શરમ અનુભવવી જોઈએ નહીં. અલૌકિક નૈતિક હિંમત અને આધ્યાત્મિક બળ મળશે.

૨. શ્રીજીમહારાજે 'ગોપીનાથ મહારાજ'ની જય બોલાવી. (૧૫/૩૫)

જ. દૂબળી ભટ્ટ પાસે ગામમાં ઘર કે સીમમાં ખેતર ન હતું. યજમાનવૃત્તિ કરી પેટ ભરે છે. આ જે કંઈ થોડી ઘણી મૂડી ભેગી થઈ હતી. તે બધી શ્રીજીમહારાજના ચરણોમાં ગોપીનાથની સેવામાં ધરી દીધી. ભક્તોનો આવો ભાવ છે, તો અમારું મંદિર પૂરું જ થયું છે. માટે શ્રીજીમહારાજે ગોપીનાથ મહારાજની જય બોલાવી.

૩. સગરામે રસ્તે ચાલતાં રૂપાના તોડા ઉપર ધૂળ વાળી. (૨/૧૧)

જ. ખરાબ વખત હોવાથી સગરામ દુકાળ ગુજારવા પોતાની સ્ત્રી સાથે ચાલી નીકળ્યો. રસ્તામાં પગે રૂપાનો તોડો અથડાયો. તેથી તેને થયું કે ખરાબ વખત છે ને પોતાની સ્ત્રીનું મન રૂપાનો તોડો લેવા લોભાઈ ન જાય તેથી સગરામે તોડા પર ધૂળ વાળી.

પ્ર.૩ 'રાણા રાજગર' (૧૮/૫૩-૫૪) - પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)

કાઠિયાવાડના ગોલિડા ગામમાં રાણા રાજગર બ્રાહ્મણ રહેતાં હતાં. તેઓ ચાર ભાઈઓ હતા. રામાનંદ સ્વામી દ્વારા તેમને શ્રીજીમહારાજ ભગવાન છે તેવી નિષ્ઠા થઈ હતી. એકવાર શ્રીજીમહારાજ તેમના ગામ પધારે છે. તેમણે શ્રીજીમહારાજને પોતાને ઘેર પધરાવી જમાડ્યા. વર્તમાન ધરાવી દૃઢ આશ્રિત થયા પછી મહારાજ તેમને વર માંગવાનું કહે છે. ત્યારે ભાઈઓ વિનયથી

માંગણી કરે છે કે, 'અમારા ગામમાં કે સીમમાં કોઈને પણ જમ લેવા ન આવે.' ગામ આખું સત્સંગના રંગે રંગાઈ ગયું. પણ એક કાળા માથાનો માનવી સત્સંગનો દ્વેષી હતો. તેના અંતકાળે જમનું ટોળું તેને તેડવા આવ્યું. તેઓ ગામનાં સીમમાં પેઠા અને જમડા બળવા લાગ્યા. આમ ચારેય ભાઈઓ વારાફરતી ગામમાં ચોકી કરતાં. એક વાર ભીમ અને રાણાનો વારો હતો. તેમણે જમને જોયા અને જમની પાછળ ડાંગ લઈને દોડ્યા. જમ નાસી ગયાં. આવું એમને ભગવાનની નિષ્ઠાનું બળ હતું. રાણાના બે ભાઈઓ સાધુ થયાં. રાણો માંદો પડ્યો અને તે દેહ મૂકવા તૈયાર થાય છે ત્યારે તેમની માતા કહે છે કે મારૂ શું ? રાણાએ પોતાની માતાને કહ્યું કે મારા બારમાનાં દિવસે હું તને તેડવા આવીશ. મહારાજ વિમાન લઈને રાણાને તેડવા પધાર્યા. તે વખતે રાણાએ સૌને પૂછ્યું કે મારી સાથે ધામમાં જેને આવવું હોય તે ચાલો. તેનો દિકરો તેની સાથે અક્ષરધામમાં ગયો. અને બારમાના દિવસે રાણો મહારાજને લઈને તેની માંને તેડવા આવ્યો. ઘણાને આ દર્શન થયાં. આવી હતી નિષ્ઠા ને બળ રાણા રાજગરને ! આપણે સૌએ પણ પ્રગટ ભગવાન અને સત્પુરૂષની પ્રાપ્તિનો આવો કેફ રાખવો જોઈએ.'

પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)

☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.

૧. શિષ્યની ગુરુ વિષેના પૂજ્યભાવની પરાકાષ્ઠા શું છે ? (૧૦/૨૬)

જ. ગુરુ અંધારામાં બેઠા હોય અને શિષ્યના તેજથી ગુરુનાં દર્શન થતાં હોય તો પણ શિષ્ય એમ સમજે જે આ મારા ગુરુનું આપેલું તેજ છે.

૨. સચ્ચિદાનંદ સ્વામીનો સત્સંગ પ્રત્યે ખપ કેવો હતો ? (૨૧/૫૮)

જ. સચ્ચિદાનંદ સ્વામી કહેતાં 'મારા પગ કાપી નાખે તો હું ઢસડાતો ઢસડાતો, જ્યાં સાધુનો એંઠવાડ નાખે છે ત્યાં બેસું અને એંઠવાડ ખાઈને સત્સંગમાં પડ્યો રહું, પણ સત્સંગ છોડું નહિ.'

૩. ગુરુ જીવને કયો દીક્ષા મંત્ર આપે છે ? (૧/૨)

જ. काल माया पाप कर्म यमदूत भयादहम् । स्वामिनारायण-शरणं प्रपन्नोस्मि स पातु माम् ॥ **(નોંધ : ગુજરાતીમાં લખ્યું હોય તો પણ ગુણ આપવા.)**

૪. શ્રીજીમહારાજ આત્માનંદ સ્વામીને ધામમાં કેમ નહોતા લઈ જતા ? (૧૧/૨૮)

જ. આત્માનંદ સ્વામી મહારાજને અવતાર જેવા સમજતા હતા માટે શ્રીજીમહારાજ આત્માનંદ સ્વામીને ધામમાં નહોતા લઈ જતા.

૫. માણેકઠારી પૂનમના દિવસે કોનો જન્મ થયો હતો ? (૧૬/૪૮)

જ. માણેકઠારી પૂનમના દિવસે ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ થયો હતો.

પ્ર.૫ 'વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૬ નું' (૧૯/૫૬) - **નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

આપણે સામાન્ય રીતે વિવેક અને અવિવેકની વ્યાખ્યા આ રીતે કરીએ છીએ કે જેને કેમ બોલવું, ચાલવું, ખાવું, પીવું, વગેરેનો ખ્યાલ હોય તે વિવેકી અને જેને આવી ગમ ન હોય તે અવિવેકી. આધ્યાત્મિક વિવેક જુદો છે જે શ્રીજીમહારાજે આ વચનામૃતમાં સમજાવ્યો છે. પોતામાં ઘણા અવગુણો હોય છે છતાં મનુષ્ય તે સામી દૃષ્ટિ કરતો નથી, પરંતુ બીજાનો અલ્પ જેવો અવગુણ હોય તે પોતે મોટો કરી બતાવે છે. સૂરદાસે કહ્યું, 'મો સમ કૌન કુટિલ ખલ કામી.' તેમને હંમેશાં પોતાનો જ અવગુણ દેખાતો. આપણો અવિવેક કાઢવા ભગવાનના સાધુ આપણને વઢે કે ટોકે તો પણ તેનો આપણે અવગુણ ન લઈએ અને એમ સમજીએ કે તેઓ મારા સારા સારુ જ કહે છે. એમ માનનો ત્યાગ કરી, સંતના વચનમાં વિશ્વાસ રાખીએ તો અવિવેક ટળી જાય અને સત્સંગમાં વૃદ્ધિ પામીએ.

પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)

☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.

૧. જીવ અનંતના મોક્ષને અર્થે, અનાદિ અક્ષર સાથ લઈ, પ્રભુ........ વંદન
પુરુષોત્તમ નારાયણ પોતે, પ્રગટ્યા માનવ દેહ ધરી, પ્રભુ
સ્વામી ગુણાતીત અનાદિ અક્ષર, પુરુષોત્તમ સહજાનંદજી, (૧૩/૩૨)

૨. બાળચરિત્રો કરી આપે વન વિચર્યા, તીર્થોમાંહી ફરી જીવો પાવન કર્યા,
નીલકંઠ નામ ધરાવતા હો વંદન આનંદ ઘનશ્યામને .....
વલ્કલ વસ્ત્ર ધરી, પુલ્હાશ્રમે રહ્યા, બ્રહ્મરૂપ તેજ કરી, મોટા જોગી થયા.
નિજસ્વરૂપ સમજાવતા હો ..... (૨૫/૭૧)

૩. બ્રહ્માદિ-સંમ્પ્રાર્થનયા પૃથિવ્યાં, જાતં સમુક્તં ચ સહાક્ષરં ચ ।
સર્વાવતારેષ્વવતારિણં ત્વાં શ્રી સ્વામિનારાયણમાનમામિ ॥ (૬/૧૭)

૪. **ગુજરાતી ભાષાંતર :** તીર્થો કેવળ જળરૂપ જ છે એમ નથી, અને દેવો પણ કેવળ મૃત્તિકાના કે શિલાના છે એમ નથી, તેઓમાં દૈવત છે પણ તે તેનું સેવન કરનારાઓને ઘણા લાંબા સમયે પવિત્ર કરે છે, જ્યારે સાધુપુરુષો તો દર્શનમાત્રથી જ પવિત્ર કરે છે. (૨૨/૬૦)

(વિભાગ - ૨ શાસ્ત્રીજી મહારાજ, તેરમી આવૃત્તિ - મે, ૨૦૧૧)

પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)

☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.

૧. સ્વામીની વિરુદ્ધ પડવા લાંચ લઉં એવો હું ગુરુદ્રોહી નથી. (૩૪/૬૦) ➪ હીરાભાઈ - વિરોધીઓને

➪ રૂપિયા પાંચ હજારની લાંચ આપી હીરાભાઈને ફોડવાની ગોઠવણ કરી ત્યારે.

૨. ''હું કાંઈ ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું.'' (૨૧/૩૭)

➪ ભગતજી મહારાજ - સ્વામીશ્રીને (શાસ્ત્રીજી મહારાજને)

➪ ભગતજી મહારાજના ધામમાં પધાર્યાના સમાચાર સાંભળીને ઉદાસીનતામાં કૂવા પાસે સ્વામીશ્રી બેઠા હતા ત્યારે.

૩. ''યજ્ઞપુરુષદાસજી જેવા વિદ્વાન સંત વરતાલમાં ભળે તો સત્સંગ બહુ જ વધી જાય.'' (૪૩/૭૩)

➪ સાધુઓ - આચાર્યને

➪ વરતાલ સાથે સમાધાનના પ્રયત્નો શરૂ થયા ત્યારે તેમ ન થાય. તે માટે વિરોધી સાધુઓ યુક્તિ કરીને આચાર્ય મહારાજને કહે છે.

પ્ર. ૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)

૧. માતાપિતા બાળક ડુંગરને વસ્ત્ર ઢાંકી બાજુના ઘરમાં મૂકી આવ્યાં. (૩/૪-૫)

જ. કુટુંબના લગ્નપ્રસંગે ડુંગર ભક્ત ગંભીર માંદગી ગ્રહણ કરીને નાડીપ્રાણ સંકેલી સમાધિ અવસ્થામાં જઈને શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ લેતા હતા. ત્યારે માતા-પિતાએ માન્યું કે આ બાળક તો દેહ છોડી ગયો છે. તેથી પ્રસંગ ઉકેલવા માટે તેમને વસ્ત્ર ઢાંકી બાજુના ઘરમાં મૂકી આવ્યાં.

૨. પૂનાના હરિભક્ત ભગવાનદાસને સ્વામીશ્રીએ જમી લેવાનું કહ્યું. (૪૮/૮૧)

જ. ભગવાનદાસે સંકલ્પ કર્યા હતા કે 'પૂનામાં મંદિર થાય અને શ્રીજીમહારાજનાં દર્શન થાય તો જ જમવું.' આ વાત તેમણે કોઈને કહી નહીં. પૂર્ણાહૂતિના દિવસે કથા વાંચતા સ્વામીશ્રીના બદલે શ્રીજીમહારાજનાં દર્શન થયાં. ચાલુ કથામાં જ તેમણે ઊભા થઈને આ વાત કરી. કથા પૂરી થયા પછી સ્વામીશ્રીએ કહ્યું : 'મહારાજે તમારો સંકલ્પ પૂરો કર્યો છે, માટે જમી લો અને હવે પછી આવું વ્રત લેશો નહીં.

૩. બેચર કીસા સ્વામીશ્રીનાં ચરણોમાં નમી પડ્યો. (૩૫/૬૨)

જ. સ્વામીશ્રીએ ના પાડવા છતાં ધનજી મતાદારે ખૂંટી કાઢી. તે ખૂંટીની અણી લોહી વાળી જોઈ તે ગભરાયો અને તરત જ ખૂંટી મૂકી દીધી. બેચર કીસા સ્વામીનો આ પ્રતાપ જોઈ તેમનાં ચરણમાં નમી પડ્યા અને માફી માંગી. સ્વામીશ્રીએ તેમને માફ કર્યા અને તેમને હંમેશાં મંદિરના કાર્યમાં સહાય કરવાની આજ્ઞા કરી.

પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)

૧. હરિનો મારગ છે શૂરાનો (૭/૧૩-૧૫) ડુંગર ભક્તને ઘરમાં ગમતું નહી - વડતાલ ગયા - ત્યાંથી સુરત - પિતાશ્રી પણ સુરત ગયા - વરતાલ આવી આચાર્ય વિહારીલાલજી મહારાજને ફરિયાદ 'તમારા સાધુ મારા છોકરાને બગાડે છે' - ડુંગર ભક્તને ઠપકો આપ્યો - શું સાધુને જેલ કરાવવી છે ? સાધુ થવા આવશો નહીં - બે-ત્રણ દિવસ પછી ડુંગર ભક્ત વરતાલ - આચાર્ય મહારાજે પૂછ્યું સ્વામી પાસે શું શીખ્યા તે બતાવો - ડુંગર ભક્તે આસન વાળી માળા ફેરવી - રાજી થયાં - તીવ્ર બુધ્ધિ જોઈ તેમને પોતાની પાસે રાખવાની લાલચ - ડુંગર ભક્તે સુરત જઈ સ્વામીની સેવામાં રહેવા જણાવ્યું - પિતાશ્રી આવી તેમને તેડી ગયા - રસ્તામાં પિતાને સંબોધીને વૈરાગ્યની ઘણી વાત - દેહના સંબંધ ખોટા અને નાશવંત છે. વૈરાગ્યયુક્ત - હૃદયસોંસરી ઊતરી જાય તેવી વાણી સાંભળી પિતાનું અજ્ઞાન દૂર - રજાચિઠ્ઠી લખી આપી.

૨. પ્રૌઢ પ્રતાપ (૨૪/૪૨-૪૪) ગોરધનભાઈ કોઠારીએ સ્વામીશ્રીને વીરસદમાં મંદિર કરવાનું કહ્યું. સ્વામીશ્રીએ હજારો હરિભક્તોની સભામાં અક્ષર અને પુરુષોત્તમના મહિમાની અને એ સ્વરૂપોની સેવાનો મહિમા સમજાવ્યો. વઢવાણમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ બેસવાની છે. તેની સેવામાં અઢી હજાર રૂપિયાની સેવા લખાઈ ગઈ. અમદાવાદમાં નિર્મળદાસ સ્વામીને બોલાવીને વાત કરી કે 'મૂર્તિઓની કિંમત અમે આપીશું, તેથી મૂર્તિઓ કરાવવા જયપુર જવાનું થાય ત્યારે અમારો માણસ જયપુર આવશે અને અમારા નકશા પ્રમાણે મૂર્તિઓ કરાવશે.' પાકી ગોઠવણ મુજબ ગોંડલના કડિયા પુરુષોત્તમદાસને જયપુર મોકલ્યા. બીજી મૂર્તિઓ માટે વડોદરા કોઠારી જેઠા ભગતને ભલામણ કરી, વડોદરા મંદિરમાં તેમને માટે બધી સગવડ કરાવી આપી. જેઠા ભગતે પણ સ્વામીશ્રીની આજ્ઞાથી તેમનો શિર સાટે પક્ષ રાખ્યો. ભરૂચમાં એક દિવસની વચનામૃતની પારાયણમાં ગુજરાતના એક હજાર જેટલા હરિભક્તો આવ્યા. તેમાં 'સંત એ જ મોક્ષનું દ્વાર છે.' એ સિદ્ધાંત પર ઘણી વાતો કરી. આ સમાચાર વરતાલ પહોંચતાં દ્વેષીઓના પેટમાં તેલ રેડાયું : 'યજ્ઞપુરુષદાસની પાછળ હજારો હરિભક્તો દોડે, રસોઈ આપે, સેવા કરે અને આપણી પાસે પાંચ હરિભક્તો પણ ન આવે. યજ્ઞપુરુષદાસ ઉઘાડેછોગે અક્ષરપુરુષોત્તમની વાતો કરે, નિર્મળદાસનો પક્ષ રાખે, છતાં કોઈ કાંઈ ન કહે ? કોઠારી ગોરધનભાઈ પણ તેમનો પક્ષ લે. આવું ચાલશે તો યજ્ઞપુરુષદાસ આખા સંપ્રદાયના ધણી થઈ બેસશે. આપણી કિંમત તો કોડીનીય નહીં રહે.' સ્વામીશ્રીને કેમ પાછા પાડવા તેની સૌ વિચારણા કરવા લાગ્યા. વરતાલમાં કોઠારી ગોરધનભાઈએ સ્વામીશ્રીને બોલાવીને કહ્યું : 'અહીંના સાધુઓ તો તમારું મૂળ ઉખેડી નાખવા તૈયાર થયા છે. તેમનાથી તમારો પ્રતાપ સહન થતો નથી. તમે જ્યાં જાઓ ત્યાં સમૈયા થાય છે, હજારો માણસો તમારામાં ખેંચાય છે, તે તેમનાથી જોવાતું નથી. તેથી આ બધું ઓછું કરો તો ઠીક.' સ્વામીશ્રીએ વિનયપૂર્વક કહ્યું : 'અમે તો ભેગા થઈને કથાવાર્તા, ભજન, સ્મરણ કરીએ છીએ. તેમ કરતાં લોકો તણાય કે પ્રતાપ દેખાય તો તે શ્રીજીમહારાજનું કર્તવ્ય છે અમે સત્સંગની પ્રથા વિરુદ્ધ કશું

કરતાં નથી. તમારે ખાતરી કરવી હોય તો હવે પછી કથા વરતાલમાં જ કરીએ.' સારંગપુરનું મંદિર, હવેલી તથા ધર્મશાળા બધું જોઈને કોઠારી તો સ્વામીશ્રીની કાર્યશક્તિ પર મુગ્ધ થઈ ગયા હતા. પરંતુ સાધુઓને જો શાંત પાડીશું તો સ્વામીશ્રીને ઉપાધિ ઓછી કરશે. એ વિચારથી તેમણે સ્વામીશ્રીને સારંગપુર મંદિરના વહીવટમાંથી છૂટા કરી, વરતાલ તેડાવી લીધા.

૩. અક્ષરપુરુષોત્તમની ઝોળી (૪૫/૭૫-૭૬) ભાવનગરમાં એક દિવસ સ્વામીશ્રીએ જાહેર કર્યું કે 'અમારે ગામમાં ઝોળી માગવી છે. ત્યારે કુબેરભાઈએ કહ્યું : 'અમે સૌ તમારી સેવામાં છીએ, અને તમે ઝોળી માંગવા નીકળો તે અમને શરમ લાગે છે.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'તમારી સેવા તો અપાર છે, પણ અનેક મુમુક્ષુઓને દર્શન થાય તે માટે મહારાજની જેમ અમારે પણ ઝોળી માંગવી છે.' સારંગપુરમાં પણ સ્વામીશ્રી ઝોળી માગવા નીકળતા. નિર્ગુણદાસ સ્વામી ઘણા આગ્રહથી ના કહે કે 'અમે બધા આપની સેવામાં છીએ, છતાં આપ ઝોળી કેમ માગવા નીકળો છો ?' સ્વામીશ્રી જવાબ આપતા : 'અક્ષરપુરુષોત્તમને માટે તો શ્વપચને ઘેર વેચાવું પડે તોપણ ઓછું છે. મારી ઝોળીમાં જેનો જેનો કણ પણ આવશે તેને અક્ષરધામમાં લઈ જવા છે.' સ્વામીશ્રીનો આ મહાન આશય જોઈ કોઈ કાંઈ બોલી શકતા નહીં. એક વખત સારંગપુરમાં કથાપ્રસંગે બાપુભાએ સ્વામીશ્રીને પૂછ્યું : 'વર્તમાનકાળે મહારાજ અને સ્વામીનો રાજીપો શેમાં છે ? ' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'અત્યારે તો અક્ષર અને પુરુષોત્તમનાં સ્વરૂપો મધ્ય મંદિરમાં પધરાવવાં, શુદ્ધ ઉપાસનાનાં મંદિરો કરવાં તેમાં મહારાજનો રાજીપો છે. આ કામમાં જે પાયા ખોદશે, તગારાં ઉપાડશે, પથરા ઉપાડશે, અરે ! એક દોકડો પણ જે આપશે, તે સર્વને શુદ્ધ કરીને શ્રીજીમહારાજ અક્ષરધામમાં લઈ જશે. તેમાં જરા પણ શંકા નથી.'

પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫) ☞ **નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. ડુંગરભક્તની દીક્ષાની તિથિ અને સ્થળ જણાવો. (૯/૧૮-૧૯)
જ. ડુંગરભક્તને કાર્તિક વદિ પાંચમને દિવસે વરતાલમાં દીક્ષા આપી.
૨. ધર્મવાળાને તથા જ્ઞાનવાળાને કેટલાં લોચન હોય છે ? (૧૦/૨૧)
જ. ધર્મવાળાને સાત તથા જ્ઞાનવાળાને અનંત લોચન હોય છે.
૩. જાગાભક્તને કથાવાર્તા કરવાની બંધી કોણે કરી હતી ને કોણે તોડી ? (૧૮/૩૨-૩૩)
જ. જાગાભક્તને કથાવાર્તા કરવાની બંધી જીભાઈ કોઠારીએ કરી હતી ને તે બંધી યજ્ઞપુરુષદાજીએ તોડી.
૪. યજ્ઞપુરુષદાસજીએ ભગતજી મહારાજને કઈ બે ભેટ મોકલાવી ? (૧૩/૨૫)
જ. યજ્ઞપુરુષદાસજીએ ભગતજી મહારાજને હરિકૃષ્ણ મહારાજનો પ્રસાદીનો મોગરાની કળીનો હાર અને એક તુંબડી ભેટ મોકલાવી.
૫. સમઢિયાળાના હરખા પટેલને સ્વામીશ્રીએ કયો નિયમ આપ્યો ? (૪૯/૮૨)
જ. સમઢિયાળાના હરખા પટેલને સ્વામીશ્રીએ કહ્યું કે 'હવે જો કૂવામાં પાણી થાય તો તે પાણીથી નાહીને પછી ખાવાનો નિયમ લઈશ તો પાણી થશે.'

પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૬)

☞ **નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૩ (૩૮/૬૭) **૨.** ૨, ૩, ૪ (૮/૧૮) **૩.** ૨, ૩ (૧૯/૩૪)

પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૬)

☞ **નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સંતોની પ્રેરણા :** સારંગપુરથી સ્વામીશ્રી ગુજરાતના હરિભક્તોની સાથે સોરઠની પંચતીર્થી કરવા નીકળ્યા. જૂનાગઢ આવ્યા ત્યારે ગોપાળાનંદ સ્વામીના શિષ્ય ૮૫ વર્ષના વૃદ્ધ સાધુ કેશવજીવનદાસજીએ સ્વામીશ્રીને કહ્યું. (૨૨/૩૮-૩૯)

૨. **શેષનાગને માથે ખીલી :** સ્વામીશ્રીએ દંડો આપ્યો. તેણે ચાર દંડા જમીન માપી. પછી સ્વામીશ્રી કહે : 'બે દંડા અમારા વતી ભરો.' (૩૫/૬૨)

૩. **અભયદાન આપવાની આજ્ઞા :** જૂનાગઢથી ભગતજી મહારાજ ગોંડલ પધાર્યા. અહીં અક્ષર દેરીએ દર્શન કરવા આવ્યા અને બોલ્યાઃ 'અહીં તો હજારો દીવાની આરતી ઊતરશે અને મોટું મંદિર થશે.' (૨૧/૩૬)

૪. **વિદ્યારંભ :** સંવત ૧૯૩૦ની સાલમાં ગામની નિશાળમાં ગંગારામ મહેતાજી પાસે તેમને ભણવા બેસાડ્યા. તેમની યાદશક્તિ બહુ તીવ્ર હતી. બુદ્ધિ અપાર હતી. તેથી બધા પાઠો તરત જ મોઢે કરી લેતા. (૫/૮)

૫. **દુર્ગપુરમાં ભવ્ય મંદિરનું ખાત મૂહુર્ત :** તેથી રાજ્યની હકૂમત ન રહી અને જિલ્લા કલેક્ટર તરીકે સ્વામીશ્રીના કૃપાપાત્ર ગોવિંદસિંહ ચુડાસમા નિમાયા. તેમના પ્રયત્નથી ગઢડાની જમીન તરત જ મળી ગઈ. (૫૪/૮૮)

૬. **વરતાલ સાથે સમાધાનની વાટાઘાટો :** કેશવલાલના દીકરા ગોરધનભાઈ રસ્તામાં મળ્યા. તેમણે ટિકિટ કઢાવી આપી. પછી સ્વામીશ્રી ગાડીમાં બેઠા અને સારંગપુર પધાર્યા. (૪૩/૭૪)

❑ ❑ ❑